## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




આ લોકો સારું કરે છે બધા ચોરોને ચોકીદાર બનવા એક મોકો તો આપે છે...!!

# સે-૨૨ વાસ્તુનિર્માણ સોસાયટીમાં ગટરનું દુષિત પાણી ઉભરાતા સ્થાનિકોને ગુંગળામણ

ગાંધીનગર તા ૧

શહેરના સે-૨૨ વાસ્તુનિર્માણ સોસાયટીમાં ગટરનુ દુષિત પાણી ઉભરાતા સ્થાનિકો



ગુંગળામણ અનુભવી રહ્યા છે. ચ-૬ કોર્નર પાસે સ્થિત પ્લોટ નં - ૬૦૮ થી ૬૧૧ સુધીના વિસ્તારમાં છેલ્લા ચાર પાંચ દિવસથી ગટરનુ દુષિત પાણી ઉભરાતા સ્થાનિકોના આરોગ્ય સામે મોટુ જોખમ ઉભુ થયુ છે. ગટરના દુષિત પાણીના ભરાવાની સમસ્યા નિવારવા માટે સ્થાનિકો દ્વારા ત્વરિત કાર્યવાહી હાથ ધરવા પણ માંગણી કરવામાં આવી છે.

શહેરના સેકટરોમાં ગટરો ઉભરવાની સમસ્યા પેચીદી બની છે. સેકટરની વસ્તી અને વિકાસ મુજબ ગટર લાઈન અપગ્રેડ થઈ નથી જેના લીધે સેકટરોમાં વારંવાર ગટરો ઉભરાય છે. ગટર લાઈન અપગ્રેડ કરવા માટે પણ તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. પરંતુ હાલ સેકટરોમાં ગટરોનુ દુષિત પાણી ફરી વળતુ હોવાની ફરિયાદો પણ વધી છે. સે-૨૨ વાસ્તુનિર્માણ સોસાયટીમાં પણ છેલ્લા ચાર પાંચ દિવસથી ગટરના દુષિત પાણીના ભરાવાના લીધે અસહ્ય દુર્ગંધ સ્થાનિકો માટે ગુંગળામણનુ કારણ બની છે. આ સ્થિતિ વચ્ચે સ્થાનિક રહીશોના આરોગ્ય સામે પણ ખતરો મંડરાયો હોવાનો રોષ પ્રબળ બન્યો છે. ત્યારે આ સમસ્યાને ડામવા માટે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી માંગણી પણ સ્થાનિકોએ કરી છે. સેકટરોમાં ઉદભવતી ગટર લાઈનની સમસ્યાને ડામવા માટે તંત્ર દ્વારા નક્કર આયોજન કરવુ અનિવાર્ય છે. જો કે તંત્ર પાસે પણ પુરતા મેનપાવર અને મશીનરીનો અભાવ હોવાથી ગટર લાઈનની સમસ્યા ત્વરિત ડામવાનુ કામ મુશ્કેલ બનતુ જાય છે.



## સરગાસણ સાર્થક મોલના મીટર બોક્ષમાં આગ

ઉનાળાના પ્રારંભિક તબક્કામાં જ આગ લાગવાની ચારથી વધુ ઘટના શહેરમાં બનવા પામી છે. જયારે સે-૨૬ જીઆઈડીસી ખાતે તો એક કંપનીમાં ભીષણ આગ લાગી હતી જેમાં કરોડો રૂપીયાનું નુકશાન થવા પામ્યું હતું. ત્યારે સોમવારના રોજ બપોરના ચાર વાગ્યાના અરસામાં સરગાસણ ખાતે આવેલ સાર્થક મોલના મીટર બોક્ષમાં આગ ભભુકી ઉઠી હતી. બનાવની જાણ ફાયર બ્રિગેડને કરવામાં આવતા ચીફ ફાયર ઓફિસર મહેશ મોડ અને તેમની ટીમના જવાનોએ ગણતરીની મીનીટમાં આગ પર કાબુ મેળવી લીધો હતો. જયારે ફાયર ઓફિસર મહેશ મોડને પુછતા તેઓએ પ્રાથમિક તપાસમાં આગ શોર્ટ સર્કિટથી લાગી હોય તેમ લાગી રહ્યું છે.

# પ્રજાપતિ સમાજે સ્પર્ધાત્મક પરીક્ષા માટે વર્ગો શરુ કર્યા

ગાંધીનગર, તા.૧

અખિલ ગુજરાત પ્રજાપતિ સંઘ સંલગ્ન ગાંધીનગર શહેરી/જિલ્લા પ્રજાપતિ સંઘ શિક્ષણ સમિતિ દ્વારા પ્રજાપતિ સમાજના બાળકોને જી.પી.એ.સી. કક્ષાના સ્પર્ધાત્મક



પરીક્ષાના તાલીમ વર્ગો શરુ થવા જઈ રહ્યા છે. આ નિમિત્તે ઉદઘાટન સમારોહ યોજાયો હતો. જેમાં સમાજના અગ્રણીઓ તથા સમાજના સભ્યો હાજર રહ્યા હતા.

પ્રજાપતિ સંઘના સમાજના બાળકો માટે જીપીએસસી કક્ષાના સ્પર્ધાત્મક પરીક્ષાના તાલીમવર્ગો શરુ કરવામાં આવી રહ્યા છે. જેના અનુસંદર્ભે ૨જી એપ્રિલના રોજ બપોરે ૨ કલાકે ચૌધરી હાઈસ્કુલ ખાતે પ્રવેશ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાંથી મેરીટના ધોરણે પ્રથમ બે કલાસ શરુ કરવામાં આવશે. જેમાં ૧૨૦ બાળકોનો સમાવેશ થશે. ત્યારબાદ ક્રમાનુસાર વર્ગોની બેચ શરુ થશે. આ પ્રથમ બે બેચ સે-૨૮ એસબીઆઈ બેંક નીચે ભોંયરામાં શરુ થશે તેમ સંસ્થા દ્વારા જણાવાયું છે.

કાર્યક્રમમાં અધ્યક્ષ વિષ્ણુભાઈ પ્રજાપતિ, ઉદઘાટક કે.પી.પ્રજાપતિ, એચ.વી. વરિયા, રાકેશ સી. પ્રજાપતિ, પી.બી. પ્રજાપતિ, નારાયણભાઈ એસ. પ્રજાપતિ, પાંચ તાલુકા પ્રમુખ ચીમનભાઈ એસ. પ્રજાપતિ, નારણભાઈ જે. પ્રજાપતિ, મનુભાઈ પ્રજાપતિ સાથે મહાનુભાવો હાજર રહ્યા હતા.

# કોલવડા આયુર્વેદિક કોલેજમાં ખાનગી એજન્સીના કર્મચારીઓને છેલ્લા બે માસથી પગાર ચૂકવાયો નથી

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેરને અડીને આવેલા કોલવડા ગામની સીમમાં સ્થિત ગુજરાતની સ્ટેટ મોડલ આર્યુવેદિક કોલેજમાં ખાનગી એજન્સી હેઠળ કામ કરતા વર્ગ-૩ અને વર્ગ-૪ ના અંદાજીત ૧૨૦ કર્મચારીઓને છેલ્લા બે માસથી પગાર ચુકવાયો નથી.ત્યારે પગાર મુદ્દે કોલવડા આર્યુવેદિક કોલેજ ખાતે સોમવારના રોજ કર્મચારીઓએ હોબાળો મચાવ્યો હતો. ત્યારે બે માસથી પગાર વિહોણા કર્મચારીઓને ખાનગી એજન્સી હવે કયારે પગાર કરે છે તે જોવું રહ્યું.

ગુજરાતની સ્ટેટ મોડલ આર્યુવેદિક હોસ્પિટલમાં કામ કરતા અંદાજીત વર્ગ-૩ અને વર્ગ-૪ ના કર્મચારીઓને બે બે માસનો સમય થયો હોવા છતા પગાર મળ્યો નથી. ત્યારે કામ કરવા છતા પગાર ન મળતા કર્મચારીઓની હાલત કફોડી બની જવા પામી છે. ત્યારે પગાર ન મળતા આ કર્મચારીઓને જીવન નિર્વાહ કેમ કરવુ તે અઘરુ સાબિત થઈ રહ્યુ છે. છેલ્લા બે માસથી કર્મચારીઓ ઉછીના રૂપીયા લઈને ઘર ખર્ચ ચલાવી રહ્યા છે. ત્યારે આટલી કારમી મોંઘવારીમાં બે માસ સુધી કેમનું ઘર ચલાવવુ તે કર્મચારીઓ માટે આફત રુપ બન્યું છે. ત્યારે આ કર્મચારીઓના પગાર ન કરી શકતી ખાનગી એજન્સીને આર્યુવેદિક કોલેજમાંથી પાણીચુ પકડાવી દેવું જોઈએ તેવી કર્મચારીઓમાં માંગ ઉઠી છે. તો બીજી તરફ કર્મચારીઓ પગાર ન મળવાથી આગામી દિવસમાં આ એજન્સી સામે આંદોલન છેડે તો નવાઈ નહી. ત્યારે હાલ તો કર્મચારીઓ પોતાનો બે માસનો પગાર મળે તેની કાગડોળે રાહ જોઈને બેઠા છે.

# રાજ્યભરમાં હિટવેવ

અમદાવાદ સહિત ગુજરાતભરમાં કાળઝાળ ગરમીનું મોજુ ફરી વળ્યું છે. આજે ગરમીના પ્રમાણમાં વધુ વધારો થયો હતો. આગામી ચાર દિવસ સુધી હિટવેવની ચેતવણી અકબંધ રાખવામાં આવી છે. આજે આગઝરતી ગરમીનો અનુભવ લોકોએ કર્યો હતો. આજે અનેક જગ્યાએ પારો ૪૨થી પણ ઉપર પહોંચ્યો હતો જેમાં સુરેન્દ્રનગરમાં ૪૨.૩, ભુજમાં ૪૨નો સમાવેશ થાય છે. આ ઉપરાંત મોટાભાગના વિસ્તારોમાં પારો ૪૧ સુધી પણ રહ્યો હતો. અમદાવાદમાં પારો ૪૧.૩ સુધી પહોંચ્યો હતો. લોકો બપોરના ગાળામાં ત્રાહિમામ પોકારી ગયા હતા. ફરીએકવાર હિટવેવની ચેતવણી જારી કરવામાં આવી છે. બનાસકાંઠા, સાબરકાંઠા, સુરત, વલસાડ, વડોદરા, સૌરાષ્ટ્ર-કચ્છના વિવિધ ભાગોમાં હિટવેવનું મોજુ ફરી વળે તેવી સંભાવના છે.

# અડાલજમાં ખાનગી સોસાયટીના ચેરમેનને પિતા-પુત્રએ માર માર્યો

### મારામારી દરમિયાન ફરીયાદીના ખીસ્સામાંથી દોઢ લાખ રૂપીયા-સોનાની ચેઈન ગુમ

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર-સરખેજ માર્ગ પર આવેલા અડાલજની ખાનગી સોસાયટીના આંતરીક રાજકારણનો ભોગ ચેરમેન બનવા પામ્યા છે. જેમાં સોસાયટીમાં રહેતા પિતા-પુત્રએ સોસાયટીના ચેરમેનને તુ ચેરમેનને લાયક નથી તુ રાજીનામું આપી દે કહી અપશબ્દો બોલી ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ ઉગ્ર બોલાચાલી દરમિયાન સોસાયટીના ચેરમેનના ખીસ્સામાં રહેલા દોઢ લાખ રૂપીયા અને સોનાની ચેઈન કયાંક પડી ગઈ હતી. આ બનાવ અંગે સોસાયટીના ચેરમેને અડાલજ પોલીસ મથકે ગુનોં નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ અડાલજ ખાતે આવેલી શ્રીનાથ રેસીડન્સી વિભાગ-૨ ખાતે રહેતા હર્ષદભાઈ હરજીવનભાઈ પટેલ (૫૫ વર્ષ) પોતાની સોસાયટીમાં છેલ્લા એક વર્ષથી ચેરમેન છે. અમદાવાદમાં હાર્ડવેરનો વેપાર કરતા હર્ષદભાઈ સોસાયટીનો તમામ વહીવટ હિસાબ-કિતાબ રાખે છે. ત્યારે રવિવારની મોડી સાંજે તેઓ સોસાયટીના ગેટ પાસે ઉભા હતા. તે સમયે સોસાયટીમાં રહેતા રમેશભાઈ પટેલ અને તેમનો દિકરો રાહુલ બંન્ને આવ્યા હતા અને તુ ચેરમેન તરીકે લાયક નથી, અને તુ રાજીનામું આપી દે તેમ કહીને બંને પિતા-પુત્રએ હર્ષદભાઈને ગાળો બોલી હતી અને ગડદાપાટુનો માર માર્યો હતો. ઘટનાને પગલે સોસાયટીના અન્ય રહીશો આવી ગયા હતા અને વચ્ચે પડીને ચેરમેનને બચાવ્યા હતા. આ મારારમારીના કિસ્સામાં હર્ષદભાઈના ખિસ્સામાં રહેલા દોઢ લાખ રૂપીયા અને સોનાની બે તોલાની ચેઈન કયાંક પડી ગઈ હતી. બનાવ અંગે હર્ષદભાઈએ અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનોં દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ગાંધીનગર એસ.ટી. ડેપો ચૂંટણી કામગીરી માટે ૩૨ બસો ફાળવશે

આગામી લોકસભાની ચુંટણીને અનુલક્ષી રાજકીય પક્ષો ઉમેદવારોની યાદી આખરી થવામાં હોવાથી પ્રચાર ઝુંબેશને તેજ કરવા માટે તૈયારીમાં લાગી ગયા છે. જયારે વહીવટી તંત્ર દ્વારા પણ જરૂરી આયોજન કરવામાં આવી રહ્યુ છે. ગાંધીનગર એસ ટી ડેપો દ્વારા પણ ચુંટણી સ્ટાફની કામગીરીને અનુલક્ષી ૩૨ જેટલી બસો ફાળવવામાં આવશે.

લોકસભાની ચુંટણી નજીકમાં છે. ત્યારે રાજકીય પક્ષોમાં ચુંટણીલક્ષી કાર્યવાહીનો ધમધમાટ જોવા મળી રહ્યો છે. ચુંટણીને અનુલક્ષી ઉમેદવારોના નામ આખરી થવાની પ્રકીયા પણ અંતિમ તબક્કામાં છે. ત્યારે ચુંટણીના પ્રચાર કાર્યની શરૂઆત પણ હવે તેજ બનશે. ગાંધીનગર લોકસભાની બેઠક પરથી ભાજપના રાષ્ટ્રીય નેતા અમિત શાહ ચુંટણી લડવાના હોવાથી આ બેઠક પર સૌ કોઈની મીટ મંડરાઈ છે. અમિત શાહની ઉમેદવારીના લીધે ભાજપના કાર્યકરો પણ ગેલમાં આવી ગયા છે. બીજીતરફ રાજકીય પક્ષો સહીત વહીવટી તંત્ર પણ ચુંટણીલક્ષી તૈયારીમાં ગળાડુબ છે. ચુંટણીને અનુલક્ષી આનુસંગિક સુવિધાઓ ઉભી કરવા માટે પણ આયોજન કરવામાં આવી રહ્યુ છે. આગામી લોકસભાની ચુંટણીમાં ગાંધીનગર બેઠક પર ચુંટણીને લગતી કામગીરીમાં જોડાયેલા કર્મચારીઓ તેમજ સ્ટાફને વાહન સેવા પુરી પાડવા માટે અસે ટી તંત્ર દ્વારા ૩૨ બસોની ફાળવણી કરવામાં આવી છે. એસ ટી નિગમ દ્વારા વિવિધ ધાર્મક કાર્યક્રમો તેમજ લગ્ન વર્ધિ સહીત તહેવારોમાં પણ વધારાની બસ સેવાનુ આયોજન કરવામાં આવતુ હોય છે. આગામી ચુંટણીમાં ગાંધીનગર બેઠક પર ચુંટણી સ્ટાફને વાહન સેવા પુરી પાડવા માટે ગાંધીનગર ડેપો દ્વારા ૩૨ બસો ફાળવવામાં આવી છે. આ બસો ૨૨ એપ્રિલથી દોડતી થશે.

# અપહરણ થયેલ બે કિશોરીઓનો મહિલા હેલ્પલાઈનની મદદથી પરિવાર સાથે મેળાપ

ચિલોડા, તા.૧

ગાંધીનગર નજીકના ચિલોડા સર્કલ પાસે રવિવાર સવારે બે કિશોરીઓ દયનીય હાલતમાં ભટકી રહી હતી. જે બાબત એક જાગૃત નાગરીકના ધ્યાને આવતા આ નાગરીકે ૧૮૧ મહિલા હેલ્પલાઈનનો સંપર્ક કરી મદદની માંગ કરી હતી. ૧૮૧ મહિલા હેલ્પલાઈન કાઉન્સેલર અંજના ગામિત, મહિલા કોન્સ્ટેબલ અનામિશ પટેલ તથા પાયલટ વિષ્ણુભાઈ દરબાર તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી આ બે કિશોરીઓનો કબ્જો મેળવી સંપુર્ણ મદદની કિશોરીઓને બાંહેધરી આપી હતી અને કિશોરીઓને વિસ્તૃત વિગત જણાવવા કહ્યુ હતુ. કિશોરીઓએ જણાવ્યુ હતુ કે અમો રાજસ્થાનના ડુંગરપુર પાસેના ગામના રહીશ છીએ અને શનિવારના રોજ બાજુમાં ગામમાં બપોરે શાકભાજી લેવા ગયેલ હતા દરમ્યાન કોઈ અજાણી વ્યક્તિએ સરનામુ પુછવાના બહાને જબરદસ્તી ગાડીમાં બેસાડી અપહરણ કરી લઈ ગયા હતા. જે રવિવાર સવારે ચિલોડા ગામ નજીક આ ગાડીના ચાલક ચા પીવા ઉભા



રહ્યા હતા અને કિશોરીઓ આ તકનો લાભ લઈ ભાગી છુટી હતી. જે ચિલોડા સર્કલ નજીક લપાતી-છુપાતી ફરી રહી હતી. જેમાં કિશોરીઓની હિલચાલ શંકાસ્પદ જણાતા જાગૃત નાગરિક દ્વારા માહિલા હેલ્પલાઈને જાણ કરાઈ હતી. ૧૮૧ મહિલા હેલ્પલાઈને કિશોરીઓ પાસેથી તેમના પરિવાર અંગેની માહિતી મેળવી તેમનો સંપર્ક કરી ચિલોડા બોલાવી તેમની દિકરીઓને સુપરત કરી હતી. આશરે ૧૦ અને ૧૨ વર્ષની ઉંમર જણાતી દિકરીઓને બચાવી લેવામાં મહિલા હેલ્પલાઈનની કામગીરીને પરિવારે બિરદાવી હતી અને આભાર વ્યક્ત કર્યો હતો.

# રૂપાણી આજે રાજકોટમાં મોહન કુંડાળિયાના નામાંકનમાં ઉપસ્થિત રહેશે

ભાજપા મીડિયા સેલની અખબારી યાદી જણાવે છે કે, આગામી લોકસભા ચૂંટણી અંતર્ગત ભાજપાના લોકસભાના ઉમેદવારોના નામાંકન ભરવાની પ્રક્રિયા હાલ ચાલી રહી છે જે અંતર્ગત, મુખ્યમંત્રી વિજય રૂપાણી આવતીકાલે રાજકોટ ખાતે ભાજપાના ઉમેદવાર મોહન કુંડારીયાના નામાંકન પ્રસંગે ઉપસ્થિત રહેશે. ભાજપા પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણી આવતીકાલે પોરબંદર ખાતે ભાજપાના ઉમેદવાર રમેશ ધડુકના નામાંકન પ્રસંગે તેમજ તારીખ ૪ એપ્રિલ, ગુરુવારે પાલનપુર ખાતે ભાજપાના ઉમેદવાર પરબત પટેલના નામાંકન પ્રસંગે ઉપસ્થિત રહેશે. કેન્દ્રીય મંત્રી પરશોત્તમ રૂપાલા આવતીકાલે અમરેલી ખાતે ભાજપાના ઉમેદવાર નારણભાઈ કાછડીયાના નામાંકન પ્રસંગે ઉપસ્થિત રહેશે. કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયા આવતીકાલે જામનગર ખાતે ભાજપાના ઉમેદવાર પુનમબેન માડમના નામાંકન પ્રસંગે તેમજ તારીખ ૩ એપ્રિલે જુનાગઢ બેઠક પર ભાજપાના ઉમેદવાર રાજેશ ચૂડાસમાના નામાંકન પ્રસંગે ઉપસ્થિત રહેશે. કેન્દ્રીય મંત્રી જશવંતસિંહ ભાભોર તારીખ ૩ એપ્રિલે છોટાઉદેપુર ખાતે ભાજપાના ઉમેદવાર ગીતાબેન રાઠવાના નમાંકન પ્રસંગે ઉપસ્થિત રહેશે.

# દેના ગુજરાત ગ્રામીણ બેન્ક હવે, બરોડા ગુજરાત ગ્રામીણ બેન્ક તરીકે કાર્યરત રહેશે

### બરોડા ગુજરાત ગ્રામીણ બેંક અને દેના ગુજરાત ગ્રામીણ બેન્કના એકીકરણથી ગુજરાતના ૨૨ જિલ્લામાં બેંક કાર્યરત થશે

ગાંધીનગર, તા. ૧

નાણાં મંત્રાલય દ્વારા ૨૨ ફેબ્રુઆરી ૨૦૧૯ની અધિસુચના દ્વારા બરોડા ગુજરાત ગ્રામીણ બેન્ક અને દેના ગુજરાત ગ્રામીણ બેન્કના એકીકરણને મંજુરી આપવામાં આવી છે. જે અંતર્ગત બેન્ક ઓફ બરોડા દ્વારા આયોજિત નવી બેન્ક ૧ એપ્રિલ, ૨૦૧૯થી બરોડા ગુજરાત ગ્રામીણ બેન્ક તરીકે ઓળખાશે જેની હેડ ઓફિસ વડોદરા ખાતે રહેશે.

બરોડા ગુજરાત ગ્રામીણ બેન્ક અને પ્રાદેશિક ગ્રામીણ બેન્ક અધિનિયમ, ૧૯૭૬ હેઠળ સ્થપાયેલી બેન્ક છે. આ જોડાણ સાથે દેના ગુજરાત ગ્રામીણ બેન્કના બદલે હવે નવી બેન્ક - બરોડા ગુજરાત ગ્રામીણ બેન્કની ૪૮૮ શાખાઓ ગુજરાત રાજ્યના ૨૨ જિલ્લાઓમાં રહેશે. જેમાં અમદાવાદ, અરવલ્લી, બનાસકાંઠા, ભરૂચ, છોટાઉદેપુર, દાહોદ, ડાંગ, ગાંધીનગર, કચ્છ, ખેડા, મહીસાગર, મહેસાણા, નર્મદા, નડીયાદ, નવસારી, પંચમહાલ, પાટણ, સાબરકાંઠા, સુરત, તાપી, વલસાડ અને વડોદરા જિલ્લાઓનો સમાવેશ થાય છે. ગ્રાહક સેવાઓ નવી બેન્કની બધી શાખાઓ પર પહેલા દિવસથી સાતત્યપૂર્ણ અને અનાવરોધિત રહેશે. બેન્કમાં RTGS/NEFT, મોબાઈલ બેન્કિંગ, E-banking, IMPS, UPI, ઈન્ટરનેટ બેન્કિંગ સુવિધા જેવી તમામ સવલતો પણ ઉપલબ્ધ છે.

# બેંક ઓફ બરોડા દેશની સૌથી મોટી બીજા નંબરની સરકારી બેંક બની

ગાંધીનગર, તા.૧

ભારતમાં પહેલીવાર ત્રણ બેંકોનું કોન્સોલિડેશન થયું છે. દેના બેંક, વિજયા બેંકનું બેંક ઓફ બરોડામાં વિલિનીકરણ થઈ ગયું છે. ત્યારે બેંક ઓફ બરોડા દેશની સૌથી મોટી સરકારી બેંક બની ગઈ છે. સંયુકત પણે બેંક ૧૫ લાખ કરોડથી વધુના બિજનેસ સાથે ૯૫૦૦ થી વધુ શાખાઓ અને ૧૩,૪૦૦ થી વધુ એટીએમ તેમજ ૮૫ હજાર થી વધુ કર્મચારીઓ સાથે ૧૨૦ મિલિયનથી વધારે ગ્રાહકોને આ સેવાનો લાભ મળશે. ત્યારે ગાંધીનગર રીઝનલમાં આવેલી બેંક ઓફ બરોડાની શાખામાં દેના બેંક અને વિજ્યા બેંક મર્જ થતા બેંક ઓફ બરોડામાં ગ્રાહકોનો વધારો થશે. ગાંધીનગર શહેરી અને જિલ્લામાં આવેલી દેના બેંકની ૮૮ અને વિજ્યાબેંકની ૪ શાખાઓ હવે બેંક ઓફ બરોડા બની જશે. ગાંધીનગર જિલ્લાની ૨૯ શાખાનું વિલિનીકરણ કરવામાં આવ્યું છે. ત્યારે ત્રણેય બેંકના ગ્રાહકોને બેંકીગ ક્ષેત્રે કોઈપણ તકલીફ ના પડે તેનું પણ ખાસ ધ્યાન રાખવામાં આવ્યું છે.

બેંક ઓફ બરોડા, વિજ્યા બેંક અને દેના બેકના વિલિનીકરણ અંગે બેંક ઓફ બરોડાના ગાંધીનગરના ડેપ્યુટી જનરલ મેનેજર દક્ષા શાહે માહિતી આપતા જણાવ્યું હતું કે કોન્સોલિડેટેડ બેંક દેશમાં સરકારી ક્ષેત્રની બીજી સૌથી મોટી સરકારી બેંક બની જશે. આ બેંક ૯૫૦૦ થી વધારે શાખાઓ, ૧૩,૪૦૦ થી વધારે એટીએમ, ૮૫ હજારથી વધુ કર્મચારીઓ સાથે દેશના વિવિધ વિસ્તૃત વિસ્તારોમાં ૧૨૦ મિલિયનીથી વધારે ગ્રાહકોને સેવા આપશે. તેમજ આ બેંક રૂ.૮.૭૫ લાખ કરોડથી વધારે ડિપોઝીટ અને રૂ.૬.૨૫ કરોડ વધારે એડનાવ્સ સાથે રૂ. ૧૫ લાખ કરોડથી વધારેનો વ્યવસાય ધરાવશે. આ સંયુકત બેંક ત્રણ બેંકોની ક્ષમતા તેમની કામગીરીઓના અસરકારક સંકલન તેમજ ગ્રાહકોના વિસ્તૃત આધાર સાથે ગાઢ સંબંધ સ્થાપિત કરીને કામગીરીને વધારે મજબુત કરવાની યોજના ધરાવે છે.

પુરક શાખની કામગીરી પ્રશ્ચિમ અને દક્ષિણ ભારતના રાજ્યો મહારાષ્ટ્ર, ગુજરાત, કેરળ, તમિલનાડુ, કર્ણાટક અને આંધ્રપ્રદેશમાં નેટવર્કમાં વધારો કરશે. બેંક ગુજરાતમાં ૨૨ ટકા બજાર હિસ્સો તેમજ મહારાષ્ટ્ર, કર્ણાટક અને રાજસ્થાન તેમજ ઉતર પ્રદેશમાં ૮ થી ૧૦ ટકા હિસ્સો ધરાવશે.

ગાંધીનગર જિલ્લામાં બેંક ઓફ બરોડાની ૧૯ શાખા કાર્યરત છે. ત્યારે ૨૭ દેના બેંક અને બે વિજ્યા બેંકની શાખા ચાલી રહી છે. આમ ૨૯ શાખાનુ બેંક ઓફ બરોડામાં વિલિનીકરણ કરવામાં આવ્યું છે. ગાંધીનગર રીઝનલમાં ૮૮ દેના બેંક અને ૪ વિજયાબેંકની શાખા આવેલી છે. આ તમામ શાખાનું વિલીનીકરણ કરી દેવામાં આવ્યું છે. આ બંન્ને બેંકના ગ્રાહકોને જે પ્રકારે સુવિધા પુરી પાડવામાં આવતી હતી તેજ પ્રમાણે સુવિધા અપાશે. જયારે દેના બેંકના ગ્રાહકોને ધિરાણનો પુરેપુરો લાભ મળતો હતો તેમજ વિમા યોજના સહિત અન્ય સુવિધાઓ પુરી પાડવામાં આવશે.

# કામદાર વિરુદ્ધ નામદારની ચૂંટણી હશે : વિજય રૂપાણી

અમદાવાદ,તા.૧

મુખ્યમંત્રી વિજય રૂપાણી આજરોજ કચ્છ લોકસભા બેઠક પર ભાજપાના ઉમેદવાર વિનોદ ચાવડાના નામાંકન માટે ભુજ ખાતે યોજાયેલ ભવ્ય રેલીમાં ઉપસ્થિત રહ્યા હતા. કચ્છ લોકસભાના ઉમેદવાર વિનોદ ચાવડાના ઉમેદવારી પત્ર ભરવાની પ્રક્રિયા પૂર્વે આ ભવ્ય રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રોડ-શોમાં ભાજપા જીલ્લા અધ્યક્ષ કેશુભાઈ, ધારાસભ્ય નીમાબેન આચાર્ય, વિરેન્દ્રસિંહજી તથા માલતીબેન ઉપસ્થિત રહ્યા હતા તેમજ સ્થાધનિક જનતા અને ભાજપના કાર્યકરો સમર્થકો, વિવિધ સમાજના અગ્રણીઓ મોટી સંખ્યાતમાં જોડાયા હતા. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ વિશાળ સભાને સંબોધતા જણાવ્યુ હતુ કે, આવનારી લોકસભાની ચૂંટણી રાષ્ટ્રવાદ વિરૂધ્ધ આતંકવાદ, ઈમાનદાર વિરુદ્ધ બેઈમાન તેમજ કામદાર વિરૂધ્ધ નામદારની ચૂંટણી છે. એક તરફ ચોકીદાર છે જયારે, બીજી તરફ ચોરોની જમાત છે. પરંતુ દેશની જનતા પ્રધાનસેવક નરેન્દ્ર મોદીને ફરી એક વખત દેશનું સુકાન સંભાળવાની જવાબદારી આપવાનું મન બનાવી ચૂકી છે. રૂપાણીએ જણાવ્યું હતુ કે, લોકોમાં આશા-અપેક્ષાના સપના જાગ્યા છે અને જનજનમાંથી એકજ અવાજ આવી રહ્યો છે 'મોદી હૈ તો મુમકીન હૈ'. અગાઉની યુપીએની સરકાર રીમોટથી ચાલતી હતી. દેશ દિશાવિહીન હતો. યુપીએની સરકારમાં દેશ ચારેબાજુથી લુંટાઇ રહ્યો હતો. ત્યારે છેલ્લા પાંચ વર્ષમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સુશાસનમાં દેશમાં ભ્રષ્ટાચારમુક્ત વ્યવસ્થાથી લોકોમાં ઉત્સાહ અને આનંદ પ્રવર્તી રહ્યો છે. ભારત જેવો વિશાળ દેશ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં જ સલામત છે. રૂપાણીએ વધુમાં જણાવ્યું હતું કે, કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીના ગુરુ સામ પિત્રોડાએ પાકિસ્તાનને ક્લીનચીટ આપી છે અને વિરોધ પક્ષો બાલાકોટમાં જે એરસ્ટ્રાઈક થઈ તેના માટે પુરાવાઓ માંગી દેશની સેનાનું સતત અપમાન કરી પાકિસ્તાની મીડિયામાં હિરો બનવા કોશીશ કરી રહ્યા છે. રામમંદિર ભાજપા સરકાર જ બનાવશે ભલેને કોંગ્રેસના કપિલ સિબ્બલ કોર્ટની કાર્યવાહીમાં વિલંબ કરાવે કિસાનોને સહી દામ અને યુવાનોને કામ આપવાની દિશામાં ભાજપા આગળ વધી રહી છે, ત્યારે કોંગ્રેસ તેઓને ગેરમાર્ગે દોરી વોટબેંકની રાજનીતિ ખેલી રહી છે. સ્વ. ઈન્દિરા ગાંધીએ ગરીબી હટાવો ઝૂંબેશ શરૂ કરી હતી, ગરીબી ન મટી પરંતુ ગરીબો મટી ગયા હતા. આઝાદી બાદ ૫૫ વર્ષ સુધી પરિવારવાદની રાજનીતિ કરીને રાજાશાહી જીવનશૈલી જીવનાર કોંગ્રેસને આજે મત માટે ગરીબો યાદ આવ્યા છે. જ્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 'આયુષ્યમાન યોજના' અંતર્ગત ગરીબો માટે ૫ લાખ સુધીની મફત ચિકિત્સા સારવાર ઉપલબ્ધ કરાવી ગરીબોની ચિંતા કરી છે.